ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૨૬ મે, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!






## પ્રાચીન વારસા અને ગામઠી પરંપરાઓનું જીવંત પ્રતીક

# દેવા તળપદ

## મહેસૂલી રેકોર્ડમાં અને વહીવટમાં અલગ દરજ્જો ધરાવતું દેવા સામાજિક અને સાંસ્કૃતિક રીતે એકસુત્રતા જાળવે છે

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકામાં આવેલું દેવા ગામ માત્ર એક સામાન્ય ગામ નથી, પરંતુ પ્રાચીન ઈતિહાસ, લોકવાયકા અને ગામઠી સંસ્કૃતિનું જીવંત પ્રતીક છે. આશરે બે હજાર વર્ષ પહેલાં "દેવપલ્લી" તરીકે ઓળખાતું આ ગામ આજે પણ પોતાના ઐતિહાસિક મહત્વને જાળવી રાખીને પંથકમાં આગવી ઓળખ ધરાવે છે. સમય બદલાયો, આધુનિકતા વધી, પરંતુ દેવા ગામની પરંપરાઓ અને સંસ્કૃતિ આજે પણ લોકોના જીવનમાં ઊંડે સુધી વણાયેલી જોવા મળે છે.

**આશરે બે હજાર વર્ષ પહેલાં "દેવપલ્લી" તરીકે ઓળખાતું આ ગામ આજે પણ પોતાના ઐતિહાસિક મહત્વને જાળવી રાખીને પંથકમાં આગવી ઓળખ ધરાવે છે**

ગામઠી પરંપરાઓની વાત કરીએ તો ગામમાં વર્ષોથી વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રસંગોની ઉજવણી સામૂહિક ભાવના સાથે કરવામાં આવે છે. તહેવારો દરમિયાન ગામના મંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે, જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાઈને ભક્તિભાવ વ્યક્ત કરે છે. નવરાત્રી દરમિયાન પરંપરાગત ગરબા, લોકગીતો અને ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી જોવા મળે છે. ગામમાં આજે પણ ઘણા પ્રસંગોમાં જૂની પરંપરાઓ પ્રમાણે સામૂહિક ભોજન અને સામાજિક એકતાનો ભાવ જળવાઈ રહ્યો છે.

દેવા ગામની વિશેષતા એ છે કે અહીં વડીલો દ્વારા વર્ષોથી ચાલતી આવતી લોકકથાઓ અને ઐતિહાસિક માન્યતાઓ નવી પેઢીને સંભળાવવામાં આવે છે, જેથી ગામના વારસા પ્રત્યેનો ગૌરવભાવ જીવંત રહે. કૃષિ આધારિત જીવનશૈલી, સાદગીપૂર્ણ જીવન અને પરસ્પર સહકારની ભાવના ગામના લોકોની ઓળખ બની ગઈ છે. આધુનિક વિકાસ સાથે આગળ વધી રહેલું દેવા ગામ આજે પણ પોતાની મૂળ સંસ્કૃતિ અને ગામઠી પરંપરાઓને સાચવીને પ્રાચીન ગૌરવ અને નવી પ્રગતિ વચ્ચે સુંદર સમન્વય ઉભો કરી રહ્યું છે. સોજિત્રા પાસેનું 'દેવા તળપદ' : બે જીલ્લાની સરહદોને જોડતા ગામની વિકાસ અને સહકારની ગાથા પણ વિશિષ્ટ છે.

સોજીત્રા તાલુકામાં એક એવું ગામ છે, જેની લોકવાયકા પંથકમાં ખુબ જ જાણીતી છે. હાલમાં આ ગામનું નામ દેવા તરીકે સરકારી દફતરે અને લોકબોલીમાં પ્રચલિત છે. 2013 માં વિભાજન થતાં દેવા તળપદ આણંદ જિલ્લાની હદમાં અને દેવા વાંટા ખેડા જિલ્લાની હદમાં સમાવિષ્ટ છે એક જ ગામ બે જુદા-જુદા જિલ્લાને સ્પર્શે છે . ગામની ફરતે ગાયકવાડ સરકારે કોટ બનાવેલો આજે પણ છે. દેવા ગામનું નામ પણ બે ભાગમાં વહેંચાયેલું છે. એક ભાગ દેવા તળપદ તરીકે ઓળખાય છે, જે સોજીત્રા તાલુકા અને આણંદ જિલ્લા હેઠળ આવે છે.બીજો ભાગ દેવા વાંટા તરીકે ઓળખાય છે, જે ખેડા જિલ્લાના આવેલા તાલુકામાં આવે છે. ગામના લોકો માટે આ હદ માત્ર સરકારી કાગળિયાં પરની વાત છે. ભલે મહેસૂલી રેકોર્ડમાં અને વહીવટી કામકાજમાં તેમને બે અલગ-અલગ જિલ્લાના કાયદા અને નિયમોનું પાલન કરવું પડતું હોય, પણ સામાજિક અને સાંસ્કૃતિક રીતે આખું દેવા ગામ એક જ છે.



## સંત ભાભારામની વાણીનો પ્રભાવ : દેવા ગામમાં આજે પણ તમાકુ ખેતી પર અઘોષિત પ્રતિબંધ



આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાનું દેવા ગામ માત્ર તેના પ્રાચીન ઇતિહાસ અને લોકવાયકા માટે જ નહીં, પરંતુ સામાજિક મૂલ્યો અને સંત પરંપરાને જીવનમાં ઉતારવા માટે પણ વિશેષ ઓળખ ધરાવે છે. ગામમાં આવેલું પૌરાણિક સંત ભાભારામનું મંદિર લોકોમાં વિશેષ શ્રદ્ધાનું કેન્દ્ર છે. સ્થાનિક માન્યતા મુજબ અહીં છેલ્લા 500 વર્ષથી વધુ સમયથી દીવાની જ્યોત અખંડ પ્રજ્વલિત રહી છે. વધુ એક રસપ્રદ લોકમાન્યતા એવી પણ છે કે મંદિરના છતર પર ક્યારેય મેશ વળતી નથી. દર ઘરો આઠમે અહીં લોકમેળાનું આયોજન થતું હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે.

**તમાકુ ખેતીથી દૂર રહીને ગામે નિર્વ્યસન અને સ્વસ્થ સમાજની દિશામાં એક આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે**

પરંતુ દેવા ગામની સૌથી અનોખી ઓળખ સંત ભાભારામ મહારાજના ઉપદેશ સાથે જોડાયેલી છે. ગામને નિર્વ્યસની અને સ્વસ્થ બનાવવાના હેતુથી સંત ભાભારામે ગામલોકોને તમાકુથી દૂર રહેવાનો સંદેશ આપ્યો હતો. લોકવાયકા મુજબ તેમણે ઉપદેશ સ્વરૂપે જણાવ્યું હતું કે ગામમાં તમાકુનો પાક ન કરવો. કહેવાય છે કે તે સમય દરમિયાન એક ખેડૂતે આ વાતને અવગણીને તમાકુનું વાવેતર કર્યું હતું, પરંતુ પાક સફળ ન થતાં લોકોમાં સંતની વાણી પ્રત્યે વધુ આસ્થા જન્મી હતી. ત્યારથી ગામલોકોએ સંત ભાભારામના કથનને માત્ર ધાર્મિક માન્યતા તરીકે નહીં, પરંતુ સામાજિક સંકલ્પ તરીકે સ્વીકારી લીધો. આજે પણ ગામના ખેડૂતો તમાકુની ખેતી કરતા નથી અને આ પરંપરા વર્ષોથી જળવાઈ રહી છે.

આ નિર્ણય માત્ર ધાર્મિક ભાવનાથી જ નહીં પરંતુ આરોગ્ય અને સમાજના હિત સાથે પણ જોડાયેલો છે. તમાકુ ખેતીથી દૂર રહીને ગામે નિર્વ્યસન અને સ્વસ્થ સમાજની દિશામાં એક આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે સાથે બંને ગામોને સ્વચ્છ અને નિર્મળ રાખવા માટે ઘરે ઘરે કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ કાર્યરત છે અને ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ પણ મળી રહ્યો છે. આજે આધુનિકતાના યુગમાં જ્યાં ઘણા ગામો પરંપરાઓ ભૂલી રહ્યા છે, ત્યાં દેવા ગામ સંત ભાભારામની વાણી અને સામાજિક મૂલ્યોને જીવંત રાખીને નવી પેઢી માટે પ્રેરણાનું કેન્દ્ર બની રહ્યું છે.

### દેવા તળપદ ટાઉન ટોક

**-: દેવા તળપદ ગામનો પરિચય :-**

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1597 |
| કુલ વસ્તી | 7588 |
| કુલ પુરૂષો | 3934 |
| કુલ સ્ત્રીઓ | 3654 |

**-: સાક્ષરતા દર :-**

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 81.42 |
| પુરૂષ સાક્ષરતા દર | 89.85 |
| સ્ત્રી સાક્ષરતા દર | 72.48 |

**-: ખેડૂતો :-**

| | |
|---|---|
| ખેડૂતો | 797 |
| ખેત મજૂર | 1380 |
| સીમાંત વર્ગ | 903 |

**-: બીપીએલ :-**

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 207 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 207 |

**-: પશુધન :-**

| | |
|---|---|
| પશુધન | 3735 |
| ગાય | 178 |
| ભેંસ | 3557 |
| અન્ય | 00 |

**-: જમીન ક્ષેત્રફળ :-**

1008 હેક્ટર 89 આરે 66 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 05 હેક્ટર 28 આરે 21 ચો.મી.

**-: ખેતીપાક :-**

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

**-: શૈક્ષણિક સગવડ :-**

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 03 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 370 |

**-: પીવાના પાણીની સવલત :-**

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1910 |

**-: વીજળીકરણ :-**

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 2155 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 17 |
| ખેતી વિષયક જોડાણ | 278 |

**-: એલપીજી ગેસ વ્યવસ્થા :-**

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 896 |

**-: સામાજિક સુરક્ષાની વિગતો :-**

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1531 |
| BPL કાર્ડ ધારકો | 300 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 41 |

**-: રસ્તાની સુવિધા :-**

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

**-: યોજનાકીય લાભાર્થીઓ :-**

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 211 |
| વિધવા સહાય | 338 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 07 |